### ભાજપ યુવા અગ્રણી ઉપર હુમલો

# બાયડના કોંગ્રેસી ધારાસભ્ય સહિત પરિવારના ચાર સભ્યો સામે લૂંટ, હુમલાનો ગુનો

## માલપુર પોલીસ સ્ટેશનમાં ધારાસભ્યના મોરપીંછમાં વધુ એક ઉમેરો, અગાઉ બળાત્કાર સહિતના ગંભીર ગુના નોંધાયેલા છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ માલપુર નાગરિક બેન્કની જનરલ મીટીંગમાં હાજર રહેલા ભાજપ યુવા મોરચાના અગ્રણી કશ્યપ પટેલ ઉપર ગંભીર હુમલો કરવાના પ્રકરણમાં તમાશાબાજ બની રહેલી માલપુર પોલીસે આખરે ધારાસભ્ય જશુભાઈ પટેલ સહિત પરિવારના ૪ સભ્યો ઉપર લૂંટ, હુમલા સહિતનો ગુનો નોંધ્યો છે. તા.૨૦ માર્ચે બનાવ બન્યા પછી પોલીસે ત્રીજા દિવસે ફરિયાદ નોંધી છે તેના ઉપરથી જ કોંગ્રેસી ધારાસભ્યની ખાખી વર્દી ઉપર કેટલી ધાક છે તેનો અનુભવ ભાજપને થયો છે. ધારાસભ્યના મોરપીંછમાં વધુ એક ઉમેરો થયો હોય તેમ અગાઉ બળાત્કાર સહિતના ગંભીર ગુનો નોંધાયેલો છે તેમાં એક ઉમેરો થયો છે.



માલપુર તાલુકામાં કહેવાય છે કે ધારાસભ્ય જશુભાઈ પટેલ અને તેમના પરિવારજનો સામે જે કોઈ થાય તેનું આવી બન્યું. ભૂતકાળમાં આવી ઘટનાઓ પોલીસ સ્ટેશને પણ નોંધાયેલી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ભાજપ યુવા મોરચાના અગ્રણી કશ્યપ હસમુખભાઈ પટેલ ઉપર ગત તા.૨૦ના રોજ માલપુર નાગરિક બેન્કની જનરલ સભા દરમ્યાન પોતાને અને પિનાકીન ગોરને સભાસદમાંથી સસ્પેન્ડ કર્યા હોવાનું જણાવતાં સસ્પેન્ડ થવાનું કારણ પૂછ્યું હતું અને ત્યારબાદ બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે આવેશમાં આવી તું બહાર નિકળ એમ કહેલ અને ત્યારબાદ તેમના પુત્ર નિશ્ચલ પટેલે ફેંટ પકડી અન્યોએ ભેગા મળી ગળું દબાવી માર માર્યો હતો અને હુમલા દરમ્યાન સોનાની ચેન તોડી લઈ ખિસ્સામાંની રોકડ રકમ સહિત કુલ રૂા.૯૨,૭૦૦ની મત્તા લૂંટાઈ જતાં આ મામલે માલપુરમાં વાતાવરણ તંગ બન્યું હતું.

યુવા મોરચાના અગ્રણીને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો ત્યારે પણ માલપુર પોલીસની ઢીલી નીતિ સામે આક્રોશ ઉભો થતો વધુ પોલીસનો કાફલો ખડકવામાં આવ્યો હતો. આખરે ભાજપ યુવા અગ્રણી ઉપર હુમલાના કેસમાં બાયડના ધારાસભ્ય સહિત ૪ જણ ઉપર હુમલો, લૂંટ સહિતના ગંભીર ગુનાની કલમ ઉમેરી તપાસ હાથ ધરવામાં આવી છે.

**આરોપીઓ..**

જશુભાઈ શિવાભાઈ પટેલ
નિશ્ચલ જશુભાઈ પટેલ
અરવિંદભાઈ શિવાભાઈ પટેલ
(તમામ રહે.હેલોદર, તા.માલપુર)
રશ્મિકાન્ત ઉર્ફે પ્યારે
અમૃતભાઈ પટેલ
(રહે.જેસીંગપુર, તા.માલપુર)

### બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલનો ગુનાહીત ઈતિહાસ, પોલીસ તડીપાર કરવાની હિંમત કરશે..??

બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલ સામે અનેક ગુના નોંધાયેલા છે. ૩ ગુના નોંધાયા હોય તો સામાન્ય આરોપીને તડીપાર કરવામાં આવે છે ત્યારે જિલ્લા પોલીસ વડા ગુનાહીત ઈતિહાસ ધરાવતા બાયડના ધારાસભ્યને તડીપાર કરવાની હિંમત દાખવશે ખરા..?? ધારાસભ્ય સામે નોંધાયેલા કેસ ઉપર નજર કરીએ તો.. માલપુર પોલીસ સ્ટેશન : ફર્સ્ટ ગુના રજી. નંબર-૧૦૧/૨૦૦૦, ૦૪૩/૨૦૦૫, ૦૨૨/૨૦૧૩, ૦૫/૨૦૧૫, ૬૩/૨૦૧૮ જે પૈકી ગુના નં.૨૨/૨૦૧૩ના કામે વર્ગ-બ. પડત સમરી ભરવામાં આવી છે.

**મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ-માલપુર..**

કોર્ટ કેસ : સી.સી.નં.૧૯૭/૧૯ તા.૧૪-૫-૨૦૧૯, સી.સી.નં.૩૯૦/૧૫ તા.૧૬-૭-૨૦૧૫-નિર્દોષ, તા.૨૬-૬-૧૮, સી.સી. નં.૨૨૨/૧૫ તા.૨૮-૪-૧૫ નિર્દોષ તા.૧૧-૬-૧૯, બી.એફ.સમરી નં.૧૩/૧૪ તા.૧૦-૧૦-૨૦૧૪ કોર્ટથી મંજૂર.

(તમામ માહિતી સ્ત્રોત : જશુભાઈ પટેલે વર્ષ-૨૦૧૯માં યોજાયેલી બાયડ વિધાનસભાની પેટાચૂંટણીમાં રજૂ કરેલા સોગંદનામાના આધારે)

# પ્રાંતિજમાં માસ્ક દંડની કામગીરી સમયે પોલીસકર્મી પર હુમલાનો પ્રયાસ

## પોલીસનો વિડીયો ઉતારવાના પ્રયાસમાં ૩ સામે ગુનો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ પ્રાંતિજના નાનીભાગોળ વિસ્તારમાં ટ્રાફીક તેમજ માસ્ક દંડની કામગીરી કરનાર અનાર્મ હેડકોન્સ્ટેબલ દિલીપ વિસાજી સાથે સ્થાનિક ૩ ઈસમોએ ઝઘડો કરી માસ્ક દંડની કામગીરીમાં અન્ય લોકોના માસ્ક ઉતરાવી નાખી પોલીસ કર્મી ઉપર હુમલો કરવાનો પ્રયાસ કરતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે પ્રાંતિજ પોલીસે સરકારી કામમાં રૂકાવટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



કોરોનાનું સંક્રમણ વધતાં પોલીસ દ્વારા ફરીથી માસ્ક દંડ વસુલવા માટે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવતાં પ્રજામાં કચવાટ ફેલાયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કોવિડ-૧૯ના નિયમોનો ઉલાળીયો કરનાર તંત્ર હવે આમ પ્રજા પાસે નિયમોનું પાલન કરાવવાના ભાગરૂપે દંડ વસુલતાં સ્વભાવિક રોષ જાગ્યો છે. તા.૨૧ના રોજ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ સરકારી વાહન લઈ નાની ભાગોળ વિસ્તારમાં ફરજ બજાવતા હતા જે સમયે સંજય રમેશચંદ્ર મોદી, રોશન ચીનુભાઈ મોદી અને મનોજ રમેશચંદ્ર મોદીએ પોલીસ ઉપર ઉશ્કેરાઈ જઈ દંગલ મચાવ્યું હતું. પોલીસ દ્વારા સમજાવવા છતાં ઉશ્કેરાયેલા ઈસમોએ કોરોના જતો રહ્યો છે તેવી અફવા લોકોમાં ફેલાવી માસ્ક ઉતરાવી નાખવાની સાથે મનોજ મોદીએ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં માસ્ક વગર પહોંચી ફરજ બજાવનાર કર્મચારીઓનો મોબાઈલથી વિડીયો ઉતારવાનો પ્રયાસ કર્યો હતો જેથી વાતાવરણ તંગ બની ગયું હતું. પોલીસ કર્મચારીઓને બદલી કરી નાખવાની ધમકી આપવામાં આવતાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

### હિંમતનગરના અતિથિગૃહમાં ફરજ બજાવતા

# બે કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ અતિથિગૃહ એક સપ્તાહ માટે બંધ કરાયું

હિંમતનગર સહીત સાબરકાંઠા જિલ્લામાં શાળા-કોલેજો તથા સરકારી-અર્ધસરકારી કચેરીઓ સહિત અનેક સ્થળોએ કોરોનાનું



સંક્રમણ દિન-પ્રતિદિન વધતું જોવા મળી રહ્યું છે કોરોના મહામારીએ ફરી માથું ઊંચક્યું હોય એમ દિન-પ્રતિદિન કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે ત્યારે આજે હિંમતનગરના હિંમતનગર - ઈડર બાયપાસ હાઈવે ઉપર આવેલા નવા સર્કિટ હાઉસ અતિથિગૃહ માં ફરજ બજાવતા બે કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે અતિથિગૃહ ના બે કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા વહીવટીતંત્ર દ્વારા અતિથિગૃહને એક સપ્તાહ માટે બંધ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે

અતિથિગૃહમાં ફરજ બજાવતા બે કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવા અંગે સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારી સાથે ટેલિફોનિક વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, અતિથિગૃહમાં ફરજ બજાવતા બે કર્મચારીઓનું કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે બંને કર્મચારીઓને કવોરનટાઈન કરવામાં આવ્યા છે તેમજ કોવિડ ૧૯ ગાઈડલાઈન્સ મુજબ અતિથિગૃહ સંકુલની સેનેટાઈઝર સહિતની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમજ અતિથિગૃહમાં સરકારી કર્મચારી - અધિકારીઓ સહિત રાજકીય વર્ગના લોકો પણ અહીં આવતા હોવાથી અતિથિગૃહને એક સપ્તાહ સુધી બંધ રાખવામાં આવશે.



### માલપુર તાલુકાની ઓઢા પ્રાથમિક શાળાનું ગૌરવ

અરવલ્લી જિલ્લાની અંતરિયાળ વિસ્તારમાં આવેલ ઓઢા પ્રાથમિક શાળાની શિક્ષકા ઈલા બેન કાનજીભાઈ અસારી એ નેશનલ કક્ષાના "રમકડાંમેળામાં" પ્રાથમિક વિભાગમાં દેશી રમકડાંનું નિર્માણ વિભાગમા ગાંધીનગર ખાતે ઉત્કૃષ્ઠ દેખાવ કરેલ છે. તેમજ " ઈનોવેશન ફેર" માં પણ ધોરણ ૧ થી ૫ ના સંયુક્ત શિક્ષણ વર્કિંગ મોડલ બનાવીને તારીખ ૧૫/૧૬ માર્ચ દરમિયાન વડોદરા ખાતે ભાગ લઈ માલપુર તાલુકા અને ઓઢા પ્રાથમિક શાળાનું નામ રોશન કરેલ છે જે બદલ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સ્મિતાબેન પટેલ.નાયબ ડી. પી. ઓ.સમીરભાઈ પટેલ બીઆરસી.સીઆરસી. તેમજ પીપરાણા જૂથ પરિવારના તમામ સ્ટાફે સુભેછા પાઠવી છે.

# સાઠંબામાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યાં, ૧.૭૦ લાખના દાગીના ચોરી કરી ફરાર

સાઠંબા તા. ૨૨ અરવલ્લીના સાઠંબામાં અંબિકા ગાર્ડન સોસાયટીમાં બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી હાથફેરો કરી ગયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. છેલ્લા કેટલાંક મહિનાઓથી બંધ હાલતમાં રહેલ મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી સોનાના દાગીનાની ચોરી કરી હોવાનું સામે આવ્યુ છે. ઘટનાને લઈ સ્થાનિકોએ ઘરમાલિકને જાણ કરતાં તેઓ અમદાવાદથી તાત્કાલિક આવી પહોંચી તપાસ કરતાં ઘરની તિજોરીમાંથી ૧,૭૦,૦૦૦ના દાગીનાની ચોરી થયાનું સામે આવ્યુ છે. જેથી સાઠંબા પોલીસે અજાણ્યાં ચોરો સામે ગુનો નોંધી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જીલ્લાના સાંઠબામાં ચોરીની ઘટના સામે આવી છે. મૂળ સાઠંબાના વતની હિતેન્દ્રસિંહ ખુમાનસિંહ ચાવડા હાલ અમદાવાદ રહે છે. ગત ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૧થી તેઓ પોતાનું સાઠંબા ગામે ગાબટ રોડ પરના અંબિકા ગાર્ડન સોસાયટીમાં આવેલા મકાનને તાળું મારી અમદાવાદ જતાં રહ્યા હતા. આ દરમ્યાન આજે તેમના પાછળ રહેતાં ભુપેન્દ્રભાઈએ તેમને ફોન કરીને કહેલ કે, તમારા મકાનના ટેરેસ ઉપરનો દરવાજો ખુલ્લો છે. જેથી ફરીયાદી તાત્કાલિક સાંઠબા પહોંચીને તપાસ કરતાં ચોરી થયાનું ખુલ્યુ હતુ.



બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યાં હોઈ અંદાજે ૧.૭૦ લાખના દાગીના ચોરી જતાં ચકચાર મચી ગઈ છે. ઘરમાલિકે તપાસ કરતાં તિજોરીમાંથી સોનાના દાગીના ગાયબ હતા અને બધો સામાન-વેરવિખેર પડ્યો છે. અજાણ્યાં ચોરો સોનાની ચેઈન, સોનાની લક્કી, સોનાની વીંટી મળી કુલ ૧,૭૦,૦૦૦ની ચોરી કરી નાસી છુટ્યાં હોઈ પોલીસ ફરીયાદ નોંધાઈ છે. મકાનમાલિકે અજાણ્યાં ચોરતત્વો ફરિયાદ નોંધાવતાં સાઠંબા પોલીસે આઈપીસી કલમ ૪૫૭, ૩૮૦ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બાયડ પાલિકામાં એક પછી એક કરાર આધારીત કર્મચારીઓનાં રાજીનામાં..!!

## આયોજનપૂર્વક કામગીરી શરૂ થતાં અનેકને અઘરૂ પડ્યું..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

બાયડ પાલિકામાં જરૂર કરતાં વધુ સ્ટાફ ભર્યો હતો તેના કારણે પાલિકા ઉપર આર્થિક ભારણ તો વધ્યું છે પરંતુ નવા સત્તાધિશો આવતાં વોચમેન સહિત અનેક કરાર આધારીત કર્મચારીઓ રાજીનામાં આપી રહ્યા છે. અત્યાર સુધીમાં ૪ થી વધુ કર્મચારીઓએ પોતાને પરીક્ષા છે, પોતાના અંગત કારણોના કારણે રાજીનામાં આપવાની શરૂઆત કરી છે. પાલિકામાં ભાજપે સત્તા સંભાળ્યા પછી આયોજનપૂર્વકની કામગીરી અને વેરાવસુલાતની કામગીરી વધુ સઘન બનાવતાં અનેકને કામગીરી કરવી અઘરી પડતાં રાજીનામાં આપી રહ્યાની લોકચર્ચાએ જોર પકડ્યું છે.

બાયડ પાલિકાના નવા સત્તાધિશોની આગામી બુધવારે સામાન્ય સભા યોજાવવાની છે. જેમાં અગાઉના સત્તાધિશોએ કરેલા કામો સહિત કામોમાં કેટલી પ્રગતિ થઈ, કોઈને કામ પુરૂ કર્યા પહેલાં ચૂકવણું કરાયું છે કે કેમ..?? તે સહિતની વિગતો સામે આવી શકે છે. અગાઉના સત્તાધિશોએ બાયડ પાલિકામાં જરૂરી સ્ટાફની આઉટ સોર્સિંગથી ભરતી કરી હતી પરંતુ જરૂર કરતાં ૭ થી વધુ કર્મચારીઓની વધુ ભરતી હોવાનું સૌ કોઈ સ્વીકારી રહ્યા છે. ત્યારે છેલ્લા ૫ દિવસમાં એક પછી એક કરાર આધારીત કર્મચારીઓ સ્વૈચ્છીક રાજીનામાના પગલે ચાલતાં ભાજપના સત્તાધિશોમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જન્મ-મરણના દાખલા સહિતની કામગીરીમાં માંડ ૧ થી ૨ કર્મચારીની જરૂર હોય તેની સામે ૩ થી ૪ કર્મચારીઓને એક જ પ્રકારની કામગીરી સુપ્રત કરવામાં આવી હતી તે વિગતો પણ સામે આવી છે.

# બાયડમાં ધો.૧૨ના ૪૦૦ છાત્રોની પ્રેક્ટીકલ પરીક્ષા યોજવા બોર્ડમાં રજૂઆત

## વિદ્યાર્થીઓના આરોગ્ય હીતને ધ્યાને લઈ શિક્ષણ વિભાગ યોગ્ય નિર્ણય લે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ એક વિદ્યાર્થીની ભૂલના કારણે બાયડનું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા કેન્દ્ર છેલ્લા ૩ વર્ષથી રદ કરી દેવામાં આવ્યું છે. પ્રેક્ટીકલની પરીક્ષા પણ બોર્ડ દ્વારા મોડાસામાં યોજવામાં આવે છે ત્યારે બાયડ તાલુકા સહિત જિલ્લામાં કોરોના નિરંકુશ બન્યો છે આ સંજોગોમાં બાયડ, તેનપુર, ડેમાઈ, સાઠંબા, ભુડાસણ અને ગાબટમાં ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા છાત્રોની પ્રેક્ટીકલ પરીક્ષા બાયડ ખાતેના સેન્ટરમાં યોજવામાં આવે તેવી વાલીઓએ બોર્ડમાં રજૂઆત કરી છે. સરકારે કોરોનાના કારણે અનેક નિર્ણયો લીધા છે આ સંજોગોમાં બાયડ તાલુકાના બોર્ડ પરીક્ષા આપનારા ૪૦૦ છાત્રોના આરોગ્ય હીતને ધ્યાને રાખી નિર્ણય લેવામાં આવે તે જરૂરી છે.

જિલ્લામાં બાયડ સહિતના અનેક પરીક્ષા કેન્દ્રોને બદનામ કરવામાં કેટલાક વિઘ્ન સંતોષીઓએ કોઈ કચાસ રાખી નથી જેના કારણે બાયડને ૨ વખત મળેલું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર ફરિયાદોને ધ્યાને રાખી રદ કરવામાં આવ્યું છે. બીજીવાર પરીક્ષા કેન્દ્ર રદ કરવામાં આવ્યું તેમાં એક પ્રકારની કિન્નાખોરી હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. બાયડ કેળવણી મંડળના પ્રમુખ મોતીભાઈ પટેલ તથા હોદ્દેદારોએ આ અંગે રાજ્ય સરકાર, શિક્ષણ વિભાગ અને માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં રજૂઆત કરી હોવા છતાં વિદ્યાર્થીઓના વિશાળ હીતને સરકારે ધ્યાનમાં લીધી નથી. પ્રેક્ટીકલની પરીક્ષા શરૂ થઈ રહી છે ત્યારે બાયડ ઉપરાંત અન્ય ગ્રામ્ય વિસ્તારની ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની શાળામાં અભ્યાસ કરતા છાત્રોને પ્રેક્ટીકલ પરીક્ષા આપવા માટે મોડાસા જવું પડશે પરંતુ વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી બાયડ તાલુકાના છાત્રો બાયડ ખાતે જ પ્રેક્ટીકલની પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા વિચારવી જોઈએ. આ અંગે બાયડના વાલી કેતનભાઈ પટેલે પણ બોર્ડમાં લેખિત રજૂઆત કર્યાનું જાણવા મળ્યું છે.

### કોરોનાની સ્થિતિ વિસ્ફોટક છે : બાયડમાં પરીક્ષા યોજો

તક્ષશિલા વિદ્યાલય-બાયડના સંચાલક અતુલભાઈ પટેલ, ડાયરેક્ટર તપન પટેલે જણાવ્યું છે કે કોરોનાના કારણે માંડ પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું હતું પરંતુ ફરીથી કોરોનાએ ઉથલો માર્યો છે. બાયડનું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર અગાઉ રદ કરાયું છે પરંતુ વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ પ્રેક્ટીકલ પરીક્ષા બાયડ ખાતે યોજાવવી જોઈએ જે વિદ્યાર્થીઓ અને વાલીઓના આરોગ્યના હીતની તરફેણમાં હશે તેમ જણાવ્યું છે.

# પ્રજા-ખેડૂતોનું જે થવું હોય તે થાય.. ધનસુરા માર્કેટયાર્ડની ચૂંટણી યોજાશે

## આજથી ઉમેદવારીપત્રો આપવાની શરૂઆત

ધનસુરા માર્કેટયાર્ડના વર્તમાન સત્તાધિશોની મુદત પૂર્ણ થઈ છે. કોરોના બેકાબુ બન્યો ત્યારે ધનસુરા માર્કેટયાર્ડની ખેડૂત, વેપારી અને સહકારી ખરીદ-વેચાણ મંડળી વિભાગની ૧૫ બેઠકો માટે તા.૩ એપ્રિલના રોજ ચૂંટણી યોજાવવાની છે. આજથી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆ થશે. જિલ્લા ઉપરાંત ધનસુરા તાલુકામાં કોરોના બેકાબુ બન્યો છે છતાં સહકારી સંસ્થાની ચૂંટણી મતદારોના જીવના જોખમે યોજવી શું યોગ્ય છે..?? તેવો ગણગણાટ શરૂ થયો છે.

જિલ્લામાં કોરોનાના કારણે સ્થાનિક સ્વરાજ્ય ઉપરાંત સહકારી સંસ્થાઓમાં સત્તાધિશોની મુદત પૂરી થયા પછી ચૂંટણીઓનું બ્યુગલ ફુંકાયું. ધનસુરા માર્કેટયાર્ડની ચૂંટણી અગાઉ જાહેર થઈ હતી પરંતુ કોઈને કોઈ કારણોસર તેમાં વિલંબ થયો. તેમાંય ખાસ કરીને રાજ્ય અને જિલ્લાની વર્તમાન કોરોનાની સ્થિતિ મુખ્ય કારણ હતું. ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર ગુજરાત રાજ્ય-ગાંધીનગરના નિયામક દ્વારા ધનસુરા માર્કેટયાર્ડની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આદર્શ આચારસંહિતના કારણે અગાઉ ચૂંટણી મુલત્વી રાખવામાં આવી હતી તે ચૂંટણીનું એલાન થઈ ગયું એ સાથે જ તાલુકાના સહકારી આગેવાનોમાં સડવડાટ ઉભો થયો. ધનસુરા તેમજ તેના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના શંકાસ્પદ ૨૦૦ થી વધુ કેસ હોવાની આશંકા છે. આ સંજોગોમાં ધનસુરા માર્કેટયાર્ડની ૧૫ બેઠકો માટે ચૂંટણી યોજવી એટલે કોરોનાને નોંતરૂ આપવા જેવી પૂરવાર થશે. આજે તા.૨૩ માર્ચથી આવેદનપત્રો આપવામાં આવશે અને આવતી કાલે તા.૨૪ના રોજ ઉમેદવારીપત્રો ચકાસવાની, તા.૨૭ માર્ચના રોજ સાંજના ૩-૦૦ કલાકે ઉમેદવારીપત્ર પરત ખેંચાયા પછી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

# મોડાસાના સિદ્ધિ વિનાયક મંદિરના પૂંજારી અને પરિવાર કોરોનાથી સંક્રમિત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ અરવલ્લી જિલ્લાના વડા મથક મોડાસામાં કોરોના વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. મોડાસાના પ્રસિદ્ધ સિદ્ધિ વિનાયક મંદિરના પૂંજારી અને પરિવાર કોરોનાથી સંક્રમિત થતાં ૧૦ દિવસ માટે મંદિર બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. પૂંજારીના સંપર્કમાં આવેલા ભક્તોએ તાબડતોબ કોરોના ટેસ્ટ કરવા માટે પણ મનોકામના સિદ્ધિ વિનાયક ટ્રસ્ટ પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગત વર્ષના કોરોના કરતાં કોરોનાની બીજી લહેર વધુ હલચલ મચાવે તેવી દહેશત છે. જિલ્લાના જેલ સંકુલ પછી શૈક્ષણિક સંકુલ, હોસ્પિટલો પછી હવે કોરોના મંદિર સુધી પ્રસર્યો છે. જાણવા મળ્યા મુજબ મોડાસાની પ્રજાના આસ્થાના પ્રતિક બનેલા મનોકામના સિદ્ધિ વિનાયક મંદિરના પૂંજારીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યા પછી તેમના પરિવારના સભ્યોનો રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં પરિવાર કોરોનાથી સંક્રમિત થયાનું જણાતાં તમામને હોમ આઈસોલેશન કરાયા છે. પૂંજારીના સંપર્કમાં આવેલા અનેક ભક્તો પણ કોરોનાથી સંક્રમિત થયાની આશંકા છે.



### શારદાકુંજ સોસાયટી નજીક સેન્ટ્રો કારમાં આગ

હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં શારદાકુંજ સોસાયટી નજીક રોડ ઉપર આજે એક સેન્ટ્રો કારમાં ચાલુ ગાડીએ એકાએક આગ ભભૂકી ઉઠી હતી સેન્ટ્રો કારમાં આગળના ભાગમાં એકાએક ભભૂકી ઉઠેલી આગને પગલે ગાડીના ચાલકે સમયસૂચકતા વાપરી ગાડીની બહાર નીકળી ગયો હતો અને બાજુમાંથી પાણી લાવી ગાડી ઉપર પાણીનો મારો ચલાવ્યો હતો જેના કારણે સેન્ટ્રો કાર આગમાં ભસ્મીભૂત થતા બચી ગઈ હતી અને જાનહાનિ પણ થઈ હતી.